email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૮ જુલાઈ, ૨૦૨૫



# NO  DAY સ્કૂલ ચલે હમ...

બાળકો શનિવારે હોંશે હોંશે બોલે છે....

# સેટરડે બન્યો ફન ડે

## બેગલેસ-ડે ના દિવસે વિદ્યાર્થીઓને પ્રવૃતિઓ થકી જ્ઞાન સાથે ગમ્મત પીરસાય છે





દર શનિવારે બેગલેસ ડેની જાહેરાત કરીને રાજ્ય સરકારે શાળાના વિદ્યાર્થીઓ માટે ભાર વિનાના ભણતરની દિશામાં પહેલ કરી છે. આ દિવસે બાળકો બેગ વિના શાળામાં આવી શિક્ષકો દ્વારા ઈત્તર પ્રવૃત્તિ જેવી કે ફિટ ઈન્ડિયા મુવમેન્ટને ધ્યાને રાખી બાળકોના સ્વાસ્થ્ય અંગે ખાસ પ્રાણાયામ ધ્યાન,યોગા, શબ્દ ચિત્ર રમત, અંતાક્ષરી, બાળ ગીત, ચિત્ર રમત વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું, વિવિધ ઐતિહાસિક સ્થળની મુલાકાત સહિતની પ્રવૃત્તિ કરાવવામાં આવી રહી છે. વડોદરાની હરણી વિસ્તારમાં આવેલી અંબે અને જય અંબે વિદ્યાલયના આચાર્ય પરેશભાઈ શાહનું કહેવું છે કે, આ ફક્ત ભણતરના ભારણમાંથી મુક્તિ નથી, પરંતુ, બાળકનાસર્વાંગી વિકાસ માટે એક અનિવાર્ય પગલું છે. આધુનિક શિક્ષણ પ્રણાલીમાં, બાળકો પર શૈક્ષણિક દબાણ સતત વધી રહ્યું છે. પરીક્ષાઓનો ભય, ઉચ્ચ ગુણ મેળવવાની હોડ અને હોમવર્કનો બોજ ક્યારેક તેમના બાળપણને છીનવી લે છે. આવા વાતાવરણમાં, એક દિવસ એવો હોવો જોઈએ જ્યાં તેઓ પાઠ્યપુસ્તકો અને બેગના વજન વિના, મુક્તપણે શ્વાસ લઈ શકે અને પોતાની રુચિ અનુસાર પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે. બેગલેસ દિવસના મારી દ્રષ્ટિએ ફાયદા માનસિક તાણમાંથી મુક્તિ મળશે, સતત ભણવાથી બાળકો માનસિક રીતે થાકી જાય છે. બેગલેસ દિવસ તેમને આ તાણમાંથી રાહત આપે છે, જેનાથી તેઓ સપ્તાહના બાકીના દિવસોમાં વધુ ઉત્સાહ અને ધ્યાનથી ભણી શકે છે. સર્જનાત્મકતા અને નવીનતાનો વિકાસ કરી શકાય, જ્યારે બાળકોને પુસ્તકિયા જ્ઞાનના બંધનમાંથી મુક્ત કરવામાં આવે છે, ત્યારે તેઓ પોતાની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરી શકે છે. ચિત્રકામ, સંગીત, નાટક, શિલ્પકલા જેવી પ્રવૃત્તિઓ તેમની સુષુપ્ત પ્રતિભાઓને બહાર લાવે છે. સામાજિક અને ભાવાત્મક વિકાસ ટેકનોલોજી ના યુગમાં જરૂરી, બેગલેસ દિવસ દરમિયાન આયોજિત જૂથ પ્રવૃત્તિઓ, રમતો અને સહિયારી યોજનાઓ દ્વારા બાળકોમાં ટીમવર્ક, નેતૃત્વના ગુણો, સહાનુભૂતિ અને સામાજિક કૌશલ્યોનો વિકાસ થાય છે.

**શાળામાં ભણવા નહીં પણ રમવા જવાનું હોવાથી વિદ્યાર્થીઓ પણ ખુશી-ખુશી શાળામાં જઈ રહ્યા છે**

તેઓ એકબીજા સાથે હળવાશથી ભળીને સંબંધો બાંધતા શીખે છે. શારીરિક સ્વાસ્થ્ય અને રમત-ગમત આજના સમયમાં ખાસ જરૂરી છે, આ દિવસે બાળકોને બહાર મેદાનમાં રમવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. શારીરિક પ્રવૃત્તિઓ તેમનું સ્વાસ્થ્ય સુધારે છે અને તેમને ઊર્જાવાન રાખે છે. આજના ડિજિટલ યુગમાં આ ખાસ કરીને મહત્વપૂર્ણ છે. વ્યવહારિક જ્ઞાન અને કૌશલ્યોનો વિકાસ થઈ શકે છે. બેગલેસ દિવસને માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રાખતા, તેને વ્યવહારિક જ્ઞાન આપવાનું માધ્યમ પણ બનાવી શકાય. ઉદાહરણ તરીકે, બાગકામ, રસોઈ, નાણાકીય સાક્ષરતા, સ્વચ્છતા અભિયાન કે પર્યાવરણ જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ તેમને જીવનના મહત્વના પાઠ શીખવી શકે છે. શાળા પ્રત્યે સકારાત્મક દષ્ટિકોણ: જ્યારે બાળકોને શાળામાં ભણતર ઉપરાંત આનંદ અને પ્રવૃત્તિઓનો અનુભવ થાય છે, ત્યારે તેમનો શાળા પ્રત્યેનો પ્રેમ વધે છે. તેઓ શાળાને બોજ નહીં, પરંતુ આનંદનું ધામ સમજવા લાગે છે.

## આવો જાણીએ.... બેગલેસ સેટર-ડે..વિશે કેવા છે મંતવ્યો શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓના....

### માત્ર ચોપડીયુ જ્ઞાન આપવાને બદલે તેમનો સર્વાંગી વિકાસ કરવાનો હેતુ



રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અને NCF-SE 2023, ભારતીય શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી છે. આ નીતિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું ગ્યાન આપવાને બદલે તેમનો સર્વાંગી વિકાસ કરવાનો છે. આ સંદર્ભ માં, 'આનંદદાયી શનિવાર' દફતર વગર નો દિવસ થકી મહત્વપૂર્ણ કાર્યક્રમ છે, જે બાળકોને પરંપરાગત અધ્યયન - અધ્યાપનમાંથી મુક્તિ આપી, વિવિધ સર્જનાત્મક અને શારીરિક પ્રવૃતિઓ દ્વારા શીખવાની તક આપે છે. તે હેઠળ અમારી પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ શાળા એ વિવિધ ધોરણ 1 થી 8 મુજબ તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે. સરકારશ્રીના પરિપત્ર મુજબ ધોરણ 1 અને 2 ના વિદ્યાર્થીઓને યોગ , રમત -ગમત તથા વિદ્યાર્થિનીઓને રોપ મલખમ, માસ ડ્રીલ શીખવવાનું ચાલુ કર્યું છે. ધોરણ 3 થી 8 ની વિદ્યાર્થિનીઓ માટે ભરત નાટ્યમ, ચિત્ર, કેલિગ્રાફી, રોપ મલખમ, કરાટે, ભરત નાટ્યમ જેવી પ્રવૃતિઓ શરૂ કરવામાં આવી છે, તેમજ વિદ્યાર્થીઓ માટે કરાટે, વોલી બોલ, ફૂટ બોલ, મલખમ, યોગ, સૂર્ય નમસ્કાર, ચિત્રકલા અને સંગીત જેવી વિવિધ પ્રવૃતિઓ શરૂ કરવામાં આવી છે.

-રમેશ શર્મા, આચાર્ય, પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ

### બાળકો સાથે વિશ્વ કાગળની થેલી દિવસની ઉજવણી



અલકાપુરી બરોડા હાઈસ્કૂલમાં બેગલેસ ડેના દિવસે વિશ્વ કાગળની થેલી દિવસની ઉજવણી કરાઈ હતી, ધોરણ 3 થી 5 ના વિદ્યાર્થીઓએ વપરાયેલી અને ફરીથી વાપરી શકાય તેવી કાગળની થેલીઓનું દાન કર્યું - એક મોટા પરિવર્તન તરફ એક નાનું પગલું! આ પર્યાવરણને અનુકૂળ બેગ ખંડેરાવ માર્કેટ ખાતે અમારા વિદ્યાર્થીઓ દ્વારા વિચારપૂર્વક એકત્રિત કરવામાં આવી હતી અને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક વિક્રેતાઓને પ્લાસ્ટિકથી દૂર રહેવા અને ટકાઉ વિકલ્પો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્લાસ્ટિકની હાનિકારક અસરો અને કાગળની થેલીઓનો ઉપયોગ કરવાના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે અમારા યુવા પરિવર્તનકારો દ્વારા એક મનમોહક શેરી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય બાળકોને વિવિધ એક્ટિવિટી પણ કરાવવામાં આવે છે. -દેવદત્ત દાસગુપ્તા, બરોડા હાઈસ્કૂલ અલકાપુરી

### વિદ્યાર્થીઓને માનસિક શાંતિ અને સર્વાંગી વિકાસની તક મળે



શનિવાર એટલે ભાર વગરનાં ભણતરનો વાર, એવી સરકારશ્રીની પહેલને હરણી-વારસિયા રીંગ રોડ પર આવેલી ગુરૂકુલ વિદ્યાલયે આવકારી છે. વિદ્યાર્થીઓને માનસિક શાંતિ અને સર્વાંગી વિકાસની તક મળે એવા ઉમદા ઉદ્દેશથી લેવામાં આવેલો શિક્ષણ મુક્ત શનિવારનો નિર્ણય પ્રશંસનીય છે. ગુરૂકુલ વિદ્યાલયમાં વર્ષોથી દર શનિવારે વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા,બેસ્ટ ફ્રોમ વેસ્ટ સ્પર્ધા,વક્તત્વ સ્પર્ધા,કવિ સંમેલન, કાવ્ય પઠન, યોગા, ઝુમ્બા ડાન્સ,રોપ દાવ, મલખમ, ડંબેલ્સ, બાંબુ નૃત્ય,બેન્ક મુલાકાત, માછલી ઘર મુલાકત,ટપાલ-ટિકિટ પ્રદર્શન, સાહિત્ય સભા,સમૂહ ચર્ચા, બગીચો, નજીકના જોવા લાયક સ્થળો, ડિબેટ, પ્રશ્નોતરી,અંતાક્ષરી, વોલીબોલ,ચેસ, ક્વિઝ,કેરમ, ખો-ખો,કબડ્ડી,દોરડાં ખેંચ,વગેરે જેવી પ્રવૃતિઓને સ્થાન આપે છે. વિદ્યાર્થીઓ હસતાં મુખે શાળાએ આવશે અને ઉદાસ થઈ શાળાથી ઘરે જશે એવી શક્યતાઓ શક્ય બનાવી શકાશે.

-દિનેશચંદ્ર પંડ્યા, નિયામક,ગુરૂકુલ વિદ્યાલય

### વિવિધ પ્રવૃતિઓ થકી બાળકોને જ્ઞાનનો રસ પીરસવામાં આવ્યો



શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા પરિવાર ચારરસ્તા થી સવિતા હોસ્પિટલ રોડ પર આવેલ ગ્લોબલ શેફાયર સ્કૂલમાં વિદ્યાર્થીઓને અઠવાડિયામાં બે વાર યોગાભ્યાસ, તથા ચિત્ર,સંગીત ની પ્રવૃતિ કરાવવામાં આવે છે.બાળકો મોટા થઈને શું બનવા માગે છે તેમના વિચારોને લખીને ચાર્ટ તૈયાર કરવામાં આવે છે, બાળકો પોતાના વસ્ત્રો કેવી રીતે રાખવા, કેવી રીતે ભોજન કરવું,કયા પ્રકારના ભોજનથી શું લાભ મળે, માતાપિતા વડીલોનું સન્માન કેવી રીતે કરવું પોતાના ધર્મ વિશે પ્રવૃતિમય રહેવું,આ તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પહેલેથી જ કરાવવામાં આવે છે.

-રિંકુ મિશ્રા, પ્રિન્સિપાલ, ગ્લોબલ શેફાયર સ્કૂલ

### કેળવણી ટ્રસ્ટ વિદ્યાલયમાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન



કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય અકોટાના બાળકોને સાચા અર્થમાં ભાર વિનાનું ભણતર લાગે છે, ગમ્મત સાથે જ્ઞાન. ભણતર સાથે ઇત્તર પ્રવૃત્તિ ઉપર વધુ ભાર મૂકવાથી બાળકોના શારીરિક, માનસિક, વિકાસ, ચપળતા, ધ્યાન કેન્દ્રિત, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા, વિચાર શક્તિ તેમજ બાળકોમાં છુપાયેલી આવડતોને બહાર લાવી શકાય છે. શાળામાં શૈક્ષણિક રમતો કોલાજવર્ક, બીડવર્ક, યોગા, કસરત કાગળ કામ માટીકામ, ચિત્રકામ, ઈન્ડોર-આઉટડોર જેવી રમતો રમવા તેમજ શિક્ષકની સલાહ સૂચન મુજબ ગીતો,વાર્તા,કવિતાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં બાળકોનો અનેરો ઉત્સાહ જોવા મળે છે. શાળામાં શનિવારે મહત્તમ બાળકોની હાજરી બતાવી રહી છે કે, ખરેખર બાળકો માટે શનિવાર આનંદદાયી છે.

ભાવિકા અમીન, શિક્ષક

### અંબે વિદ્યાલયના બાળકો કહે છે શનિવાર એટલે મૌજ..



બેગ લેસ ડે દર શનિવારે અંબે વિદ્યાલયમાં ધોરણ વાઈસ જુદીજુદી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. શરૂઆત પ્રાણાયામ ધ્યાનથી કરવામાં આવે છે. જેથી બાળકો સ્વસ્થ રહે અને રુચિમાં એકાગ્રતા કેળવાય,ધો.1-2 માટે પ્રાણાયામ ધ્યાન બાદ બાળગીત અભિનય સાથે,વાર્તા કથન, પ્રેરકવાર્તા શિક્ષક, શબ્દ/ચિત્ર રમત બ્લેક બોર્ડ, ધો.3-4માં પ્રાણાયામ ધ્યાન બાદ શબ્દ ચોરસ રમત, શબ્દ અંતાક્ષરી, બાળગીત, ધો.5-6માં પ્રાણાયામ ધ્યાન બાદ વર્ડ બિલ્ડીંગ, પ્રેરક વાર્તા શિક્ષક, શબ્દ અંતાક્ષરી, ધો.7-8માં પ્રાણાયામ ધ્યાન બાદ શીઘ્ર વકૃત્વ, મેન્ટલ મેથ્સ અને પ્રેરક વાર્તા શિક્ષક, આ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિ બાળકોને કરાવવામાં આવી રહી છે.

પરેશભાઇ શાહ, આચાર્ય

### લેબોરેટરીનું શિક્ષણ જેનાથી વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં રુચિ વધે



ન્યૂ હેવન વિદ્યાલય, બાપોદ જકાતનાકા પાસે પ્રાઇમરી સ્કૂલના વિદ્યાર્થીઓને અલગ અલગ વર્ગખંડ મા લેબોરેટરીનું શિક્ષણ જેનાથી વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં રુચિ પેદા થાય, નવા પ્રયોગો થકી નવીનતમ માહિતી મળી રહે, અંગ્રેજી ગ્રામર પર ગેમ જેમાં ગ્રામ્યના અક્ષરો માટે ગોળ કુંડાળું બનાવી કયા સ્પેલિગ પછી કયો શબ્દ આવશે તે પ્રમાણે બાળકો ગોઠવાઇ ને રમત રમાડવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ સમજ ઝડપથી કેળવી શકાય છે,યોગા અભ્યાસ થકી વિદ્યાર્થીઓમા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ ની સમજ આવે છે તેમજ મંડાલા આર્ટ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.વિદ્યાર્થીઓને તણાવમુક્ત,ભાર વિનાનું ભણતર સાથે જ જરૂરી જ્ઞાન ઉપલબ્ધ થાય તેવા શ્રેષ્ઠ પ્રયાસો અમારી શાળા દ્વારા પહેલેથી કરવામાં આવી રહ્યાં છે.-નીતાબેન જી.દતા,આચાર્ય, ન્યૂ હેવન વિદ્યાલય બાપોદ જકાતનાકા

### ભાર વગરના ભણતર સાથે જીવન ઘડતરનો ખાસ દિવસ બન્યો શનિવાર



એક પિરિયડ એમડી હતું માર્ચ ડ્રીલ સમૂહ કવાયત એને અમે શનિવારે ટ્રાન્સફર કરી છે પછી બે પિરિયડ અમે છોકરાઓ પાસે વંચાવીએ છીએ કે બાળકો મૌખિક વાંચતા શીખે એક પિરિયડ ની અંદર બધું એનું એનામાં જે આવડત હોય બોલવાની આવડત હોય ભજન ગાતા આવડતું હોય એવી પ્રવૃત્તિ કરાવીએ છીએ સાથે યોગા પેટી ચિત્ર કલ્ચરલ એક્ટિવિટી સાથે મેડમ પાસે જે ટેક્સ બુક હોય એમાંથી એક શનિવારે ગુજરાતી વાંચે છોકરો એક શનિવારે હિન્દી વાત છે એવી રીતે જુદા જુદા વિષયો વંચાવીએ જેથી તેને વાંચવાની પણ ખબર પડે સાથે રોબોટિક ચાલે છે એમાં અમે સંપૂર્ણ વિદ્યાર્થીઓ પાસે પ્રેક્ટીકલ કરાવીએ છીએ જેથી કરીને વિદ્યાર્થીઓને નોટબુક લાવવાની રહેતી નથી સાથે ઘડિયા લખાવડાવીને ઘડિયા બોલાવડાવીએ અને મહત્વની બાબતે છે કે નબળા વિદ્યાર્થીઓ માટે અમે ખાસ અભ્યાસ કરાવીએ છીએ અઠવાડિયામાં બે પિરિયડ અને એમની નોટબુક અમે સ્કૂલમાં જ રાખીએ છીએ. એને કેટલું આવડે છે પણ ભલે એ પાંચમા ધોરણમાં હોય તેને બીજા ધોરણનું આવડતું હોય તો એને બીજા ધોરણથી શરૂઆત થાય છે કે એને નથી આવડતું તો એને આવડે, બાળક જ્યાંથી અટક્યો છે ત્યાંથી એને સ્ટાર્ટ કરાવીએ છીએ.

-બદ્રીશ પટેલ, પ્રિન્સિપાલ, શ્રી સરદાર વિનય મંદિર સ્કૂલ

### પર્યાવરણ, સ્વચ્છતા અને ટ્રાફિક જાગૃતિ અંગે બાળકોને માહિતગાર કર્યા



વંદના વિદ્યાલયમાં શનિવારે પ્રાથમિક શાળાના બાળકોને ભાર વિનાનું ભણતર માટે પર્યાવરણ જાગૃતિ માટે વૃક્ષારોપણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.આપણા જીવનમાં વૃક્ષોનું શું મહત્વ છે તેની જાળવણી કેવી રીતે કરવી તેની પ્રેક્ટિકલ સમજ આપવામાં આવી હતી વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે, પક્ષીઓ માટે રહેઠાણ છે, ઓક્સિજન થકી પૃથ્વી પર જીવન છે, વૃક્ષોમાં ભગવાન છે માટે તેનું જતન કરવું જોઈએ ના કે તેનું નિકંદન, વૃક્ષો થકી પર્યાવરણ જાગૃતિ આવે છે તેનું જ્ઞાન આપવામાં આવ્યું હતું દર શનિવારે અલગ અલગ વિષયોને આવરીને જેમ કે,યોગા,રમતો થકી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ, ટ્રાફિકની સમજ જેમાં કેવી રીતે ટ્રાફિકમા રસ્તા ઓળંગવા, ટ્રાફિક સિગ્નલો શું દર્શાવે છે તે ટ્રાફિક શાઇન બોર્ડ નું જ્ઞાન આપવામાં આવશે.

-પરિમલ કામદાર, આચાર્ય, વંદના વિદ્યાલય, બાપોદ જકાતનાકા

### વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્રવૃત્તિઓ થકી જ્ઞાનસભર માહિતી અપાય છે



સરકારના પરિપત્રના નિયમ અંગે શનિવારે બેગ લેસ અંગે અમે સામેથી જ વાલીઓને જાણ કરી છે.અમારી શાળામાં પહેલેથી જ શનિવારે રમતો,યોગા, ડ્રોઈંગ, સંગીત નું આયોજન કરવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત, શારીરિક અને માનસિક વિકાસ અંગેની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.વસંત પંચમી, ગાંધી જયંતિ, નવરાત્રી, ગણપતિ, દિવાળી, હોળીના તહેવારો નજીક હોય છે ત્યારે વિદ્યાર્થીઓને તે અંગેનું જ્ઞાન આપવામાં આવે છે તદ્દપરાંત શનિવારે વિદ્યાર્થીઓ ને તેમના મનગમતી વસ્તુઓ બનાવવા માટે આપવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓમા છૂપાયેલી કળાને બહાર લાવી શકાય. શનિવારે બાળકોને શિસ્ત, નિયમિતતા, પોતાના શરીરની સ્વચ્છતા , આપણા જીવનમાં પર્યાવરણ, પ્રકૃતિ અને પાણીનું શું મહત્વ છે તેવી તમામ મહત્વપૂર્ણ સમજ આપવામાં આવે છે.અલગ અલગ શનિવારે અમે બાળકોના જ્ઞાનમાં વધારો થાય તેવું આયોજન કરીએ છીએ. :

-હરેશભાઇ જોશી, આચાર્ય, શ્રી સ્વામી વિવેકાનંદ સ્કૂલ, પરિવાર ચાર રસ્તા

### વિદ્યાર્થીઓ સર્જનાત્મક પ્રવૃત્તિઓથી પ્રેરિત થઇ પ્રફુલ્લિત થાય છે




ઉર્મી સ્કૂલ ખાતે બેગલેસ ડેની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસનું મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ, સર્જનાત્મકતા અને આનંદદાયી શીખણ તરફ પ્રેરિત કરવાનું હતું. ધોરણ 1 થી 8 સુધીના તમામ વિદ્યાર્થીઓએ જુદા જુદા નવતર અને કાર્યશીલ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.ધોરણ 1 અને 2 વિદ્યાર્થીઓએ રાઇમ્સ અને એક્શન સોંગથી દિવસની શરૂઆત કરી, ત્યારબાદ નેચર વોક અને લીફ પ્રિન્ટિંગનો આનંદ માણ્યો. આરામ બાદ ગ્રીટિંગ કાર્ડ બનાવવાની પ્રવૃત્તિ અને અંતે પરિચયમય સર્કલ ટાઇમ સાથે દિવસ પૂરું થયો.,ધોરણ 3, 4 અને 5 દિવસની શરૂઆત રંગોળી / કલરિંગ પ્રવૃત્તિથી થઈ.પછી મ્યુઝિકલ ચેયર્સ જેવી રમતમાં આનંદ માણ્યો. આરામ બાદ ઝુંબા, સાઈમન સેઝ અને ફાર્મર ગેમ જેવી રમતો દ્વારા ઉર્જા ભરેલી પ્રવૃત્તિઓનો ભાગ બન્યો. આ બેગલેસ ડે એ માત્ર શિક્ષણનો એક દિવસ નહોતો, પણ બાળકોએ પુસ્તકો વગરના જ્ઞાન, સહકાર, સર્જનાત્મકતા અને આનંદમય શીખણનો અનુભવ કર્યો હતો.

-ડો.મુકેશ ઉદાસી, આચાર્ય,ઊર્મિ સ્કૂલ